ઇન્વર્ડ નં.............તારીખ 16/6/26
ન્યૂઝ પેપરનું નામ સંદેશ
ઇન્ડસ્ટ્રી.............ક્લસ્ટર
જનરલ.............ખાતા નં. 18
સંલગ્ન યુનિટ :
રિમાર્કસ.

GPCB

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ "પર્યાવરણ ભવન", સેક્ટર૧૦(એ),ગાંધીનગર- ૩૮૨૦૧૦.

# જાહેર સુચના

## પર્યાવરણ (બાંધકામ અને ડિમોલિશન) કચરા વ્યવસ્થાપનનિયમો, ૨૦૨૫ ના અમલીકરણ અને પાલનઅંગે જાહેર સુચના

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના નોટિફિકેશન No. G.S.E. 219 (E) તારીખ.૦૨ એપ્રિલ, ૨૦૨૫ દ્વારા પર્યાવરણ (બાંધકામ અને ડિમોલિશન) કચરા વ્યવસ્થાપન નિયમો, ૨૦૨૫ને પ્રસિધ્ધ કરેલ છે. આ નિયમોનુ અમલીકરણ તા.૦૧/૦૪/૨૦૨૬થી લાગુ કરેલ છે. બાંધકામ અને ડિમોલિશન પ્રવૃત્તિઓથી થતા પ્રદૂષણને અટકાવવા અને કચરાના પુનઃઉપયોગ (Recycling) ને પ્રોત્સાહન આપવા માટે આ નિયમોનું પાલન કરવું કાયદાકીય રીતે ફરજિયાત છે.

૧.મુખ્ય હિતધારકો (Stakeholders):

- કચરો ઉત્પન્ન કરનાર (Waste Generators): કોઈપણ પ્રકારનું નવું બાંધકામ, રિપેરિંગ, રિનોવેશન કે ડિમોલિશન (તોડફોડ) કરનાર વ્યક્તિ અથવા સંસ્થા.
- ઉત્પાદકો (Producers): ૨૦,૦૦૦ ચોરસ મીટર કે તેથી વધુ બાંધકામ વિસ્તાર (બિલ્ટ-અપ એરિયા) ધરાવતી બિલ્ડિંગ અથવા બિલ્ડિંગ કોમ્પ્લેક્સ યોજનાનો ભોગવટો ધરાવનાર (ઓક્યુપાયર) અથવા જવાબદાર વ્યક્તિ.
- અન્ય પક્ષકારો: સરકારી અને ખાનગી કોન્ટ્રાક્ટરો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ), વેસ્ટટ્રાન્સપોર્ટર્સ અને રજિસ્ટર્ડ રિસાયકલર્સ (કચરો પ્રોસેસ કરનાર) વગેરે..

૨. ફરજિયાત ઓનલાઇન નોંધણી:

- તમામ મુખ્ય ઉત્પાદકો (Producers), રિસાયકલર્સ અને ઇન્ટરમીડિએટવેસ્ટસ્ટોરેજફેસિલિટીનાઓપરેટરોઅને સ્થાનિક અથવા વિકાસ સતામંડળ (ડેવલપમેન્ટઓથોરીટી) દ્વારા સ્થાપિત કરાયેલકલેક્શનપોઈન્ટ (એકત્રીકરણ કેન્દ્ર) માટે કેન્દ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના સેન્ટ્રલાઇઝડઓનલાઇનપોર્ટલ પર નોંધણી કરાવવી ફરજિયાત છે.

૩. મુખ્ય કાયદાકીય ફરજો:

- કચરાનું વર્ગીકરણ (Segregation): કચરો ઉત્પન્ન કરનારે સિમેન્ટ, કોંક્રીટ, ઈંટો, ટાઈલ્સ જેવા કાટમાળને લોખંડ, લાકડું, પ્લાસ્ટિક અને કાચ જેવી અન્ય વસ્તુઓનેઅલગ-અલગ રાખવાનો રહેશે.
- EPR (Extended Producer Responsibility)લક્ષ્યાંકો: મોટા બિલ્ડરો/ઉત્પાદકો માટે કચરાનારિસાયકલિંગનાલક્ષ્યાંકો (જે વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૨૫%, ૨૦૨૬-૨૭ માટે ૫૦%,૨૦૨૭-૨૮ માટે ૭૫% અને ૨૦૨૮-૨૯ સુધીમાં ૧૦૦% થાય છે) પુર્ણ કરવા અને ઓનલાઇનપોર્ટલ પરથી 'EPR સર્ટિફિકેટ' મેળવવા ફરજિયાત છે.
- પુનઃઉપયોગ (Waste Utilisation): ૨૦,૦૦૦ ચો.મી.થીવધુના બાંધકામ અને રોડ પ્રોજેક્ટ્સમાંપ્રોસેસ થયેલા કચરા (Recycled Materials) નો નિયત ટકાવારી(આ રૂલ્સનાશિડ્યુલ-૨ અને૩) મુજબ ફરજિયાતઉપયોગ કરવાનો રહેશે.
- કચરાનો નિકાલ: કચરો ખુલ્લામાં, રોડ પર કે નીચાણવાળા વિસ્તારોમાં ફેંકી શકાશે નહીં. તેને માત્ર સ્થાનિક તંત્ર દ્વારા નિયત કરાયેલા કલેક્શન પોઇન્ટઅથવા ઇન્ટરમીડિયેટવેસ્ટસ્ટોરેજફેસીલીટી અથવા અધિકૃત રિસાયકલિંગપ્લાન્ટ સુધી જ પહોંચાડવાનો રહેશે.
- હવાનું પ્રદૂષણ અટકાવવું: બાંધકામ કે તોડફોડ દરમિયાન ધુળ ન ઉડે તે માટે ગ્રીન નેટ (પડદા) બાંધવા અને પાણીનો છંટકાવ કરવો જરૂરી છે.
- વેસ્ટમેનેજમેન્ટપ્લાન:ઉત્પાદકોએબાંધકામની કામગીરી દરમિયાન ઉદ્ભવતાકચરાનાવ્યવસ્થાપન 'ઇન્ટીગ્રેટેડવેસ્ટમેનેજમેન્ટપ્લાન' તૈયાર કરી લોકલ ઓથોરીટી અને ડેવલપમેન્ટઓથોરીટીની મંજુરી લેવાની રહેશે.

આથી, તમામહિતધારકોનેપર્યાવરણ (બાંધકામ અને ડિમોલિશન) કચરા વ્યવસ્થાપનનિયમો, ૨૦૨૫નીજોગવાઇઓનુંપાલનસુનિશ્ચિતકરવામાટેજણાવવામાંઆવેછે. સદર નિયમનાપાલનના બાબતે તમામ હિતધારકો જવાબદાર રહે છે અને તેના ઉલ્લંઘન બાબતે નિયમાનુસાર પર્યાવરણીય વળતર (Environmental Compensation) વસુલવામાં આવશે અને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ-૧૯૮૬ હેઠળ કાયદાકીય હાથ ધરવામાં આવશે.

પર્યાવરણ (બાંધકામ અને ડિમોલિશન) કચરા વ્યવસ્થાપનનિયમો, ૨૦૨૫અંગેની વધુ માહિતીબોર્ડની વેબસાઇટ https://gpcb.gujarat.gov.in/Indexપર ઉપલબ્ધ છે.

(દિપાલી ટાંક)
સભ્યસચિવ

(માહિતી/૫૯૩/૨૦૨૬-૨૭)